# केन्द्रीय बागवानी परीक्षण केन्द्र

गोधरा–बडौदा हाईवे वेजलपुर (गोधरा)३८९३४० (गुजरात)

Phone: Head of Station-02676-234657, 234077 (O)A. Adm. Officer-234076


## જાહેર નિવિદા નં – ૦૨/૨૦૨૦

## કેરીના ઉભા પાકની હરાજી માટે સીલબંધ કવરમાં ભાવ/ઓફર નુ આમંત્રણ

આથી નીચે સહી કરનાર દ્વારા કેન્દ્રીય બાગાયત સંશોધન કેન્દ્ર, ગોધરા–વડોદરા હાઇવે, વેજલપુર – ૩૮૯૩૪૦ ના બ્લોક નં ૧, ૨, ૩ અને ૪ ના 28.03 હેક્ટર માં આવેલા આંબાના 1525 નંગ ઝાડ પર લાગેલી કેરી ના ઉભા પાકની હરાજી માટે તારીખ 06.05.2020 ને બુધવાર ના રોજ બપોરે ૧૨.૦૦ કલાક સુધીમાં <u>સીલબંધ કવરમાં ભાવ આમંત્રિત કરવામાં આવે છે.</u> હરાજીમાં ભાગ લેવા ઇચ્છતી દરેક વ્યક્તિ/પાર્ટિઓએ હેડ, કેન્દ્રીય બાગાયત સંશોધન કેન્દ્ર, વેજલપુર ને સંબોધિત <u>માત્ર સીલબંધ કવરમાં કેરીના ઉભા પાકનો ભાવ દર્શાવી</u> ને અનામત રકમ (EMD) પેટે રૂ.20,000/- (અંકે રૂપિયા વીસ હજાર પુરા) નો ડિમાન્ડ ડ્રાફ્ટ હેડ, સી.એચ.ઇ.એસ., વેજલપુરના નામનો સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા, વેજલપુર (કોડ નં ૧૩૦૨૫) સંલગ્ન કરવાનો રહેશે. કેન્દ્રીય બાગાયત સંશોધન કેન્દ્ર, વેજલપુરના કાર્યાલય પર મુકેલ સીલબંધ ટેન્ડર બોક્ષમાં તારીખ 06.05.2020 ના રોજ બપોરે ૧૨-૦૦ કલાક સુધીમા પ્રસ્તુત કરવાના રહેશે. અનામત રાશિ નહી પ્રસ્તુત કરવાની સ્થિતિમાં ટેન્ડર સ્વીકાર કરવામાં આવશે નહી. પ્રાપ્ત થયેલ <u>સીલબંધ ટેન્ડર</u> તે જ દિવસે ૧૨-૩૦ કલાકે હરાજીના સમયે ઉપસ્થિત ફર્મ/પાર્ટીઓ સમક્ષ ખોલવામાં આવશે. રસ ધરાવતી વ્યક્તિઓ/પાર્ટીઓ કેરીના પાકનું નિરીક્ષણ ઓફિસના કામકાજનાં દિવસો દરમ્યાન સવારના ૧૦-૦૦ થી સાંજના ૦૪-૦૦ કલાક સુધી કરી શકશે. કેરીનો પાક " જે છે તે આજ છે" ના ધોરણે હરાજી કરવામાં આવશે. કેરીના પાક ની તમામ જવાબદારી જે તે વ્યક્તિની રહેશે, <u>સીલબંધ કવર</u> માં જેની રકમ ઉચ્ચતમ હશે તે હરાજીમાં સફળ થશે. હરાજીમાં ભાગ લેનાર વ્યક્તિ/પાર્ટીઓ પાન નંબર ધરાવતી હોવી જોઇએ તથા તેની ઝેરોક્ષ કોપી સીલબંધ કવરમાં મુકવાની રહેશે. પાન નંબર ન ધરાવતી વ્યક્તિ/પાર્ટી સીલબંધ કવર રજૂ કરી શકશે નહિ. હરાજીમાં સફળ ઉચ્ચતમ કુલ રકમના ૩૩ ટકા રકમ તથા કુલ રકમ પર થતા વેરા ની રકમ હરાજીના સ્થળે જમા કરાવવાની રહેશે. બાકીની રકમ નો D.D. બે દિવસની અંદર ઓફિસમાં જમા કરાવવાની રહેશે. કેરીના ઉભા પાકને ઝાડ પરથી ઉતારતી વખતે ઝાડ, ડાળીઓને તથા કેન્દ્રની સંપતિને નુકશાન ન પહોંચે તેનુ ધ્યાન રાખવાનુ રહેશે. નુકશાન પહોચશે તો તેનુ પણ વળતર લેવામાં આવશે. અસફળ બોલીદાતાઓની અનામતની રકમ D.D. પરત કરવામાં આવશે અન્ય શરતો હરાજીના સમયે સંભળાવવામા આવશે. કોઇપણ કારણસર સીલબંધ કવરના ભાવ સ્વીકારવા કે નહી તેના તમામ હક્કો નીચે સહી કરનારને આધીન રહેશે, જે દરેક વ્યક્તિ/પાર્ટીઓને બંધનકર્તા રહેશે.

S. Singh

પ્રધાન

કે.બા.પ.કે., વેજલપુર